# પાણી-ગટર વેરો ભરવા માટે લાગતી લાંબીલચક લાઈનો

**મહાનગરમાં માત્ર બે જ બિલ કલેક્શન સેન્ટર અને સમયગાળો માત્ર ત્રણ જ કલાકઃ ડિજિટલ ઈન્ડિયાના 'મોડેલ સ્ટેટ'ના "સ્માર્ટ" પાટનગરમાં વેરા બિલની પંહોચ પણ હાથેથી લખીને ફાડવામાં આવે છે : વડીલો-મહિલાઓ માટે અલગ લાઇન તો ઠીક બેસવાની પણ વ્યવસ્થા નહીં : અસંવેદનશીલ તંત્રની નિષ્ઠુરતાનો પરચો..!!**





ગાંધીનગર, તા.૧૫

પાટનગરમાં ધોળાકુવા જેવા કેટલાંક વિસ્તારમાં પાણીના પોકાર ઉઠવા પામ્યાં છે અને બીજી તરફ શહેરમાં પાણી અને ગટર વેરાની આગોતરી વસૂલાત માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જોકે પાણી અને ગટર વેરો ભરવા માટે તંત્ર દ્વારા આખા શહેરમાં માત્ર બે જ સ્થળે અને તે પણ ત્રણ જ કલાક માટે માત્ર "ઓફલાઈન" જ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાને કારણે વેરો ભરવા માંગતા કરદાતાઓની લાંબીલચક લાઈનો લાગી રહી છે. આ લાઈનોમાં વેરો ભરવા ઉભા રહેવાને કારણે હજારો નાગરિક કલાકોનો સમય વેડફાઈ રહ્યો છે અને સિનિયર સિટિઝન તેમજ મહિલાઓની હાલત કફોડી બની રહી છે કેમકે તેમના માટે કોઈ અલગ વ્યવસ્થા જ નથી કરવામાં આવી જેના કારણે પાણી અને ગટર વેરા વસુલાતની સમગ્ર પ્રક્રિયા જ નાગરિકો માટે ત્રાસદાયક બની રહી છે.ગાંધીનગરનો એક શહેર તરીકે વિસ્તાર વધ્યો છે પરંતુ તેના શહેરીજનો માટે સુવિધાઓમાં કોઈ વધારો થયો નથી તેવું વારંવાર અનુભવાઈ રહ્યું છે અને હવે તે પાણી અને ગટર વેરાની વસુલાતની કામગીરી પરથી પ્રતિત થઈ રહ્યું છે. પાણી અને ગટર વેરો ભરવા માટે કેન્દ્રો વધારવાની જરૂર હોવા છતાં શહેરમાં માત્ર પાટનગર યોજના ભવન અને સેક્ટર-૩ની સુવિધા કચેરી એમ માત્ર બે જ સ્થળે અને તે પણ માત્ર સવારે ૯થી ૧૨ કલાક દરમ્યાન માત્ર ત્રણ જ કલાકના ગાળા માટે વેરો ભરી શકવાની વ્યવસ્થા રાખીને એકતરફ તંત્રએ તેની બિનસંવેદનશીલતાનો પરિચય તો આપ્યો છે પરંતુ તે સાથે સાથે બિલ સ્વીકાર કેન્દ્રો પર વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે કોઈ અલગ લાઈન કે તેમને પ્રાથમિકતા આપવાની તો ઠીક પણ વડીલો માટે બેસવાની વ્યવસ્થા પણ નહીં કરીને તંત્રએ તેની 'નિષ્ઠુરતા'નો પરચો પણ આપ્યો છે. વળી, જ્યાં એક તરફ દેશના વડાપ્રધાન દુનિયાભરમાં "ડિજિટલ ઈન્ડિયા"ના ગુણગાન ગાઈ રહ્યાં છે અને ગુજરાત સરકાર પણ પોતાને આ બાબતે સૌથી આગળ હોવાના દાવા કરીને પોતાની જ પીઠ થાબડવામાં પાછી પડતી નથી પરંતુ રાજ્યના પાટનગરમાં જ નાગરિકોને વેરો ભરવા માટે કોઈ ઓનલાઈન પેમેન્ટ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. વેરા બિલની રકમ ભરપાઈ કરવા કરદાતાઓની લાંબી કતારો લાગે છે જેના કારણે સમય પુરો થઈ જવાથી લાઈનમાં પાછળના ઘણા કરદાતાઓને બીજા દિવસે ફરીથી ધક્કો ખાવાનો રહે છે. વાત આટલેથી અટકતી નથી. બિલ સ્વીકારવાની કામગીરીમાં કોમ્પ્યુટર સિસ્ટમના બદલે જુની ઘરેડ મુજબ પેનથી લખીને પહોંચ ફાડી આપવાની પદ્ધતિએ કામ કરવામાં આવતું હોવાથી તેમાં ખુબ સમય વેડફાય છે એટલું જ નહીં પરંતુ ચેકથી પેમેન્ટ કરવા માંગતા કરદાતાઓ માટે ડ્રોપ બોક્સ જેવી વ્યવસ્થા પણ કરવામાં આવી નથી તે આશ્ચર્યજનક છે.

### ઓનલાઇન પેમેન્ટ અને ચેક ડ્રોપ બોક્સ સાથે બિલ કલેક્શન કેન્દ્રો વધારવા જોઈએ : વસાહત મહાસંઘ

ગાંધીનગરમાં નાગરિક સુવિધાઓને લગતી સમસ્યાઓ બાબતે સતત અવાજ ઉઠાવતી સ્વૈચ્છિક સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે "ગાંધીનગર શહેરમાં ઝોનવાઈઝ વેરા બિલનું પેમેન્ટ સ્વીકારવા માટે વિવિધ સેક્ટરોની ઈક્વાયરી કચેરીઓમાં વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને તે માટે અમે અનેકવાર રજુઆત કરી હોવા છતાં આ રજૂઆતો તંત્રના બહેરા કાને અથડાતી રહી છે. વળી, આજના કોમ્પ્યુટરાઈઝ્ડ યુગમાં હાથે લખીને પહોંચો ફાડવાના બદલે કોમ્પ્યુટર મુકવા જોઈએ, ચેકથી વેરો ભરવા માંગતા કરદાતાઓ માટે ચેક ડ્રોપ બોક્સની સુવિધા અને આ ઉપરાંત ઓનલાઈન ડિજિટલ પેમેન્ટ જેવી વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવે તો હજારો કરદાતાઓના વેડફાતા સમયને બચાવી શકાય. કલેક્શન સેન્ટર્સ પર વડીલો અને મહિલાઓ માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવી એ તંત્રની ફરજ છે.

## આજથી સાઈ કેમ્પસ ખાતે કબડ્ડી ટુર્નામેન્ટનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૧૫

છેલ્લાં કેટલાંક સમયથી ભારતની પરંપરાગત રમત કબડ્ડીની લોકપ્રિયતા વધી રહી છે, તેમાં પણ ખાસ કરીને જયારે જયારે ક્રિકેટમાં આઈપીએલની જેમ કબડ્ડીમાં પણ પ્રોફેશનલ વર્ઝન પ્રો-કબડ્ડીના આગમન પછી નાના બાળકોથી માંડીને વડીલો અને મહિલાઓ પણ કબડ્ડીમાં રસ લેતાં થઈ ગયાં છે. ગાંધીનગરમાં સેક્ટર-૧૫ ખાતેનું સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાનું પ્રાદેશિક કેન્દ્ર કબડ્ડીના ખેલાડીઓની તાલીમ માટે દેશભરમાં જાણીતું બન્યું છે. સાઈ સંકુલના આ પ્રાદેશિક કેન્દ્ર ખાતે તા.૧૬મી ફેબ્રુઆરીથી ત્રણ દિવસ માટે 'કબડ્ડી કબડ્ડી' સાંભળવા મળશે કેમકે અત્રે તા.૧૬મી ફેબ્રુઆરીએ સવારે ૧૧ કલાકે ૧૫મી ઈન્ટર સાઈ કબડ્ડી ટુર્નામેન્ટનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ એથ્લેટિક ટ્રેક ખાતે યોજાશે.

## સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં બે દિવસીય સ્પોટસમિટ યોજાઈ

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ ખાતે સમર્પણ દર્શન અંતર્ગત બે દિવસીય સ્પોટ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કબડ્ડી, ક્રિકેટ, વોલીબોલ, રન, બેડમિન્ટન, ચેસ, કેરમ, લોંગ જમ્પ, શોર્ટ પુટ, મ્યુઝિકલ ચેર માં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે પ્રોકબડ્ડી ના ગુજરાત જાયન્ટ ટીમના ખેલાડી શ્રી ઉજ્જ્વલસિંઘ હાજર રહ્યા હતા. તેમણે ખેલ દિલની ભાવના વિકસાવવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. બે દિવસીય સ્પોર્ટ્સ ડે નું આયોજન પ્રો જસપાલ રાઠોડ,પ્રો શ્વેતા ભરવાડ હિરલ વેદ તથા પ્રો ભાવિક પટેલે કર્યું હતું. ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, રજીસ્ટ્રાર ડો એમ ડી પાંડે, તથા પ્રિન્સિપાલ ડો રાજી ડેનિસ વિદ્યાર્થીઓ ને રમતોમાં ભાગ લેવા બદલ અભિનંદન આપ્યા હતા તથા તેમને સ્પોર્ટ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.



## ગુજરાત ભૂષણ સન્માન થી ભુજ ગુજરાત ખાતે સન્માનિત થશે ડૉ ગુલાબ ચંદ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પાટનગર ગાંધીનગર સેક્ટર ૧૪ મહાત્મા ગાંધી મંદિર પાસે અમદાવાદ ના વતની, પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડન્ટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ અને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના રાષ્ટ્રીય અધ્યક્ષ, હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, પત્રકાર , અથાગ પરિશ્રમ પ્રેમી, શિક્ષણ પ્રેમી, આનંદાલય શિક્ષણ સંસ્થા અમદાવાદ ના સાધક, સમાજ સેવા, સંકલ્પ પ્રેમી, ત્થા સમર્પિત બહુ મુખી પ્રતિભા થી સમગ્ર દેશ અને વિદેશ લાભ પ્રાપ્ત કરી રહ્યો છે, જેમના દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરા ઓ નું સમાજ માં સદા પ્રચાર પ્રસાર કરવા માટે તત્પર રહેનાર, પોતાની કર્મઠતા, દ્રઢતા, વિનમ્રતા, સરળતા, સંકલ્પ શીલ, અને ઉદારતાથી સમાજ માં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડનાર, આવી બહુ મુખી પ્રતિભા, કૃતઘ્ન, અપ્રતિમ દ્રષ્ટિકોણ, ને રેખાંકિત કરવા વાલા, શિક્ષણ પ્રશિક્ષણ ક્ષેત્રે તથા સમાજ માં વિશિષ્ટ યોગદાન આપનાર છે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના રાષ્ટ્રીય અધ્યક્ષ, જેઓને તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ના મંત્રી શ્રી પ્રદીપ પરમાર સાહેબ દ્વારા શાલ ઓઢાડી પુષ્પ ગુચ્છ, ટ્રોફી, સન્માન પત્ર અને રૂપિયા એક લાખ ના ચેક સાથે અમદાવાદ ખાતે સંત કબીર સાહિત્ય અવોર્ડ દ્વારા અમદાવાદ ખાતે સન્માનિત કરવામાં આવ્યા છે તેવા ડૉ ગુલાબ ચંદ પટેલ નું સન્માન " ગુજરાત ભૂષણ સન્માન" માટે બાલ રક્ષક પ્રતિષ્ઠાન ના કાર્યાધ્યક્ષ મનોજ ચીનચોરે જી, સચિવ નરેશ વાઘ અને ડૉ ચેતના જોશી દ્વારા પસંદ કરવામાં આવ્યા છે જેમાં ગોધરા ના ગુરુજી ધર્મેશ જોશી ના સૂચન મુજબ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક કોન્ફરન્સમાં ભુજ ખાતે સન્માનિત કરવામાં આવશે ડૉ પટેલ ને લખનૌ ની સૂર તાલ સંગમ સંસ્થા ના ડાયરેક્ટર અને પ્રસિદ્ધ ગાયિકા સૂર સામ્રાજ્ઞી જયા શ્રીવાસ્તવ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.




વ્યાજખોરોના ચુંગાલમાંથી નાના વેપારીઓ અને ફેરીયાઓને બચાવવા પોલીસે વિશેષ અભિયાન હાથ ધર્યુ છે. જિલ્લા પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આયોજિત લોનમેળા અંતર્ગત જરૂરિયાતમંદ વેપારીઓ અને ફેરીયાઓ મોટી સંખ્યામાં ધિરાણ લેવા આવ્યા હતા. પોલીસકર્મીઓ દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

## આજથી એસ.કે.પટેલ ઈન્સ્ટીટ્યુટના "સિરાજ-૨૦૨૩"નો શુભારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેક્ટર-૨૩ના કડી કેમ્પસ ખાતેની એસ.કે.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા તારીખ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ ગુરુવારે સવારે ૧૦ કલાકે "સિરાજ-૨૦૨૩"નું ઉદઘાટન યોજાશે. આ પ્રસંગે કાર્યક્રમના ઉદઘાટક જોઈન્ટ કમિશનર ઈન્ડસ્ટ્રીઝ-સ્ટાર્ટઅપ્સ આર. ડી. બારહટ્ટ દ્વારા ઉદ્‌ઘાટન સંબોધન પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત કાર્યક્રમમાં મહેમાનોમાં જાણીતા ગુજરાતી ફિલ્મ અભિનેતા હિતેનકુમાર, ગુજરાતી ફિલ્મોની જાણીતી અભિનેત્રી નેત્રી ત્રિવેદી, અભિનેતા ઉત્સવ નાઈક, ઓહો ગુજરાતીના સીઈઓ સૂર્યદીપ બસિયા, ભમરા ફિલ્મના અભિનેતાઓ સ્મિત જોશી અને પ્રતિક રાઠોડ ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ સાથે અતિથિ વિશેષ પદે કડી સર્વ વિશ્વવિદ્યાલયના અધ્યક્ષ વલ્લભભાઈ એમ. પટેલ અને ડાયરેક્ટર ઈન ચાર્જ ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહેશે. સિરાજ-૨૦૨૩માં અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે જેમાં કેએસવી સંલગ્ન તેમજ અન્ય કોલેજો પણ ભાગ લઈ રહી છે.



સેક્ટર ૩/એ ખાતે શ્રીરામ કથા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નગરજનો મોટી સંખ્યામાં હાજરી આપી રહ્યા છે.

## એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સુરક્ષા સે સમૃદ્ધિ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગાંધી.તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર સંચાલિત એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વિદ્યાર્થીઓની કારકિર્દી અને જીવન ઘડતરમાં મદદરૂપ થતા અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. આવો જ એક કાર્યક્રમ ઘરમાં રોજિંદા વપરાશ માં આવતા એલપીજી ગેસ સિલિન્ડરના ઉપયોગ માં રાખવી જોઈતી સલામતી અને સાવધાનીઓ તથા ગ્રાહક તરીકે ના અધિકારો ઉપર સુરક્ષા સે સમૃદ્ધિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મણીનગર, અમદાવાદ સ્થિત એચ એસ ગેસ સર્વિસ અને એ કે ગેસ સર્વિસની ગ્રાહકલક્ષી જાગૃતતા અભિયાન હેઠળ સમગ્ર ગુજરાતમાં એક ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના સહયોગથી અમારી શાળામાં ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓ માટે એલપીજી ગેસ સિલિન્ડર ને લગતી સાવચેતીઓ, સાવધાનીઓ અને સલામતી માટેના પગલાઓ વિશે લાઈવ ડેમો આપીને ઝીણવટ પૂર્વક સમજાવવામાં આવ્યું હતું. જેમાં ગેસ સિલિન્ડરના ઉપયોગ વખતે દુર્ઘટના ટાળવા માટેની ટિપ્સ, દુર્ઘટના વખતે લેવામાં આવતી સાવચેતીઓ અને સલામતીના પગલાં જેમકે દર પાંચ વર્ષે સિલિન્ડર સાથેની પાઈપ બદલી નાખવી, ગેસ લીકેજ વખતે લાઈટ અને અન્ય ઈલેક્ટ્રીક તથા ઈલેક્ટ્રોનિક સંસાધનો બંધ કરવા, બારી દરવાજા ખોલી નાખવા, આગ બુઝાવવા માટેની પદ્ધતિઓ તથા સિલિન્ડરમાં આવતા ગેસ નું વજન ચેક કરવા જેવી વિવિધ બાબતોની વિગતો આપવામાં આવી હતી. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે દરેક ગેસ એજન્સી દ્વારા જાહેર જવાબદારીના ભાગરૂપે દરેક ગ્રાહક માટે સુરક્ષા વીમો લેવામાં આવે છે. જેમાં પ્રત્યેક દુર્ઘટના દીઠ રૂપિયા ૫૦ લાખ અને દરેક વ્યક્તિ દીઠ રૂપિયા દસ લાખ નો વીમો લેવામાં આવતો હોય છે. પરંતુ કમનસીબે આ અંગેની જાગૃતતા સમાજમાં ખૂબ ઓછી જોવા મળે છે. આ કાર્યક્રમમાં એ કે ગેસ સર્વિસ ના સંચાલક મિ. અરાફત તથા એચ એસ ગેસ સર્વિસ ના રવિ બારોટ ઉપસ્થિત રહ્યા હતા અને રવિ બારોટે આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઝીણવટ પૂર્વક ગેસના ઉપયોગને લગતી ઝીણામાં ઝીણી વિગતો રજૂ કરી હતી.

## બોરીજ સરકારી પ્રાથમિક શાળાનો સ્થાપના દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૫

પોતાની ગામની શાળા પ્રત્યે આત્મીયતા કેળવાય તેમજ નાગરિકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવે અને રુચિ કેળવાય તે આશયથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક ગામની શાળાના જન્મદિવસની એટલે કે શાળાના સ્થાપના દિવસની સામુહિક ઉજવણી કરવાનું આહવાન કર્યું હતું અને ત્યાર પછી વડાપ્રધાનના આ ઉમદા વિચારને ચરિતાર્થ કરી ગામની શાળા અને ગ્રામજનો વચ્ચે સેતુ બંધાય તે પ્રકારે સરકારી પ્રાથમિક શાળાઓના જન્મદિન ઉજવવાની એક ઉત્તમ પરંપરાનો પ્રારંભ થયો છે. ગાંધીનગરમાં સમાવિષ્ટ બોરીજ ગામ વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા ખાતે પણ તાજેતરમાં શાળાના ૬૯મા સ્થાપના દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કેક કટિંગ કરી બાળકોના ખૂબ હર્ષ ઉલ્લાસ સાથે શાળાનો ૬૯મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૪ના સ્થાનિક કાઉન્સિલર ભરતભાઈ દીક્ષિત, શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસ અને શાળા પરિવારના શિક્ષકગણ સહિત શાળાના તમામ બાળકો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## ઈન્ડિયન સિરામિક્સ એશિયા ૨૦૨૩નો પ્રારંભ

**ફરવા માટે આધુનિક અને અદ્યતન નવીનતાઓ અને ઉચ્ચ ગુણવત્તાની કાચી સામગ્રીનું અદ્‌ભુત પ્રદર્શન**




ગાંધીનગર, તા. ૧૫

આજે ભારત દેશ વિશ્વભરમાં સૌથી ઝડપથી વિકસતા સિરામિક ટાઈલ્સના માર્કેટ પ્લેસમાંનું એક છે. સિરામિક ઉદ્યોગ ઉત્પાદનની દષ્ટિએ ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. સિરામિક્સ સેક્ટરમાં ઘણી મોટી કંપનીઓ હોવા છતાં આજે પણ આ ઉદ્યોગમાં મોટાભાગે અસંગઠિત ખેલાડીઓનું વર્ચસ્વ છે, જેમાં આશરે ૬૦ ટકા બજાર હિસ્સો SME નો છે. હાલમાં આ રૂ. ૨૬,૫૦૦ કરોડનો ભારતીય સિરામિક ટાઈલ ઉદ્યોગ આગામી થોડા વર્ષોમાં લગભગ ૯ ટકાના CAGR થી વૃદ્ધિ પામશે એવું અપેક્ષા છે. ઈન્ડિયન સિરામિક્સ એશિયા એ સિરામિક અને ઈંટ ઈન્ડસ્ટ્રી માટે ભારતનો અગ્રણી વાર્ષિક ટ્રેડ ફેર અને કોન્ફરન્સ માટેનું આયોજન છે. ઈન્ડિયન સિરા મિક્સ એશિયા ૨૦૨૩ની આગામી આવૃત્તિમાં હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, એચએલટી ઈન્ડસ્ટ્રી, ઈમરીઝ સિરામિક્સ ઈન્ડિયા, કેડા ઈન્ડસ્ટ્રિયલ ગ્રુપ, લેમ્બર્ટી ઈન્ડિયા, મોડેના ટેકનોલોજી, મોન્ટે-બિયાન્કો ડાયમંડ એપ્લિકેશન્સ, પ્રિઝમ જોન્સન, પ્રોજેક્ટા એન્જિનિયરિંગ એસ. આર. એલ., સેકમી એન્જિનિયરિંગ, સુકાશો સેરાકલર્સ, સિસ્ટમ સિરામિક્સ ઈન્ડિયા જેવી અગ્રણી કંપનીઓની ભાગીદારી જોવા મળશે જે સિરામિક્સ અને ઈંટની નવીનતમ મશીનરીની વિશાળ શ્રેણી, ઉચ્ચ ગુણવત્તાની કાચી સામગ્રી, વિશ્લેષણ અને પ્રયોગશાળાના સાધનો, ટેકનિકલ સિરામિક્સ, સ્ટોરેજ માટેના સાધનો, ચીજવસ્તુઓની સાર સંભાળ વગેરેની વિશાળ શ્રેણીનું પ્રદર્શન કરશે. આંતરરાષ્ટ્રીય સહભાગિતાના સંદર્ભમાં, એસોસિએશન ઓફ ઈટાલિયન મેન્યુફેક્ચરર્સ ઓફ મશીનરી એન્ડ ઈક્વિપમેન્ટ ફોર સિરામિક્સ (ACIMAC) કેટલીક અગ્રણી ઈટાલિયન બ્રાન્ડ્સને ઈટાલિયન પેવેલિયનમાં લાવશે. ગ્લોબલ ટેકનોલોજીને અપનાવવા અંગે મોરબી સિરામિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (વિટ્રીફાઈડ ટાઈલ્સ ડિવિઝન)ના પ્રમુખ મુકેશભાઈ કુંડારીયાએ જણાવ્યું કે 'સિરામિક્સનું ઉત્પાદન અને પ્રક્રિયા એ ખૂબ જ ઊર્જા સઘન પ્રક્રિયા છે અને ઊર્જા કાર્યક્ષમ મશીનરી અપનાવવી એ ઉદ્યોગ માટે ટોચની પ્રાથમિકતા છે. આથી અમે અમારા સ્થાનિક ઉદ્યોગમાં ગ્લોબલ અને કાર્યક્ષમ ટેકનોલોજીનો વ્યાપકપણે પ્રચાર કેવી રીતે કરવો તે અંગે વધુ કાર્યક્ષમ તકનીકી ઉકેલો અને વિચારોની રાહ જોઈ રહ્યા છીએ. અમે આવા વૈશ્વિક તકનીકોને સમજ્યા પછી એક આત્મનિર્ભર ભારતના અભિયાન તરફ કામ કરીશું.' ઈન્ડિયા સિરામિક્સ એશિયા ૨૦૨૩, સિરામિક અને ઈંટ સેગમેન્ટના હિત માટે તેની સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ચાલુ રાખે છે. તેને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સિરામિક ટાઈલ્સ એન્ડ સેનિટરીવેર (ICCTAS), ઓલ ઈન્ડિયા બ્રિક એન્ડ ટાઈલ્સ મેન્યુફેક્ચરર્સ ફેડરેશન (AIBTMF), ઓલ ઈન્ડિયા કુંભારકામ મેન્યુફેક્ચર્સ એસોસિએશન (AIPMA), ફેડરેશન ઓફ સિરામિક ઈન્ડસ્ટ્રીઝ, પંચાલ સિરામિક્સ એસોસિએશન વિકાસ ટ્રસ્ટ, સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરામિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CGCRI), ACIMAC, ધ શ્રીલંકા સિરામિક્સ એન્ડ ગ્લાસ કાઉન્સિલ, ઈન્ડિયન સિરામિક્સ સોસાયટી, બાંગ્લાદેશ સિરામિક વેર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (BCWMA), મોરબી સિરામિક્સ એસોસિએશન, અને કેમિકલ એન્ડ અલાઈડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (CAPEXIL) દ્વારા પુષ્કળ સમર્થન પ્રાપ્ત થાય છે. ભારતના સિરામિક શહેર મોરબીના ઉત્પાદકોને આકર્ષવા માટે આ શોને સ્ટ્રેટેજિક રીતે ગાંધીનગર, ગુજરાતમાં આયોજન કરવામાં આવ્યું છે.